# અષાઢ સુદ પડવાથી સુદ નોમ સુધી આવનારું 'ગુપ્ત નવરાત્ર વ્રત' મનેચ્છા પૂર્ણ કરે છે

**ધર્મ દર્શન**
**બાળકૃષ્ણ વડનેરે**

દેવદેવીના ઉત્સવોમાં વર્ષ દરમિયાન અનેક ઉત્સવો, વ્રતો અને સાધના આવે છે તેમાં આદિશક્તિ જગદંબા માતાની ચાર નવરાત્રીની વ્રતોપાસના આવે છે. જે ભકતોની, સાધકોની મનની મુરાદ પૂરી કરે છે.

ચૈત્ર નવરાત્ર, આસો નવરાત્ર, પોષમાં શાકંભરી નવરાત્ર અને અષાઢ માસમાં ગુપ્ત નવરાત્ર.

તો હવે જાણી લઈએ ગુપ્ત નવરાત્ર શું છે? આ વાત રામાયણકાળની છે. રઘુવંશના સમ્રાટ રાજા દશરથના પુત્ર યુવરાજ શ્રીરામ, તેમની પત્ની જનકનંદિની સીતા અને યુવરાજ લક્ષ્મણ 14 વર્ષ માટે વનવાસી બન્યાં. વનમાં ભટકતાં ભટકતાં નાસિક પંચવટીમાં પહોંચ્યાં. ત્યાં પર્ણકુટિર બાંધીને રહેવાં લાગ્યાં. અયોધ્યાની વધૂ-રાણી, કોમલાંગી સીતા અને બંને યુવરાજ જંગલમાં કપરા દિવસો પસાર કરતા હતા. એક દિવસ સીતામાતા ચોખાની કણથી લઈ આવતા હતા કે એમના પગમાં બાવળનો કાંટો ખૂંપ્યો. અસહ્ય વેદનાના લીધે ચાલી શકતાં ન હતાં. શ્રીરામે દોડીને સીતાજીના પગમાંથી કાંટો કાઢ્યો. પગમાંથી લોહી વહેવા લાગ્યું. શ્રીરામ સીતાજીને પર્ણકુટી સુધી લાવ્યા અને બોલ્યા ''હે સીતે! હું અયોધ્યાનરેશ શ્રી સમ્રાટ દશરથ-રાજાનો વરિષ્ઠ પુત્ર, તું જનકનંદિની અને અયોધ્યાની પુત્રવધૂ પણ આજે આપણે કઈ પરિસ્થિતિમાં જીવીએ છીએ, સમય બળવાન છે. કર્મનાં ફળો ભોગવવાનાં જ રહ્યાં. દુઃખ સહન કરવાની શક્તિ મળે એ જ પ્રાર્થના કરવી યોગ્ય છે. આ જગતમાં માનવ પરાધીન બની જાય છે. માણસે કરેલાં સાચા-નરસાં કર્મનું ફળ સમયાંતરે ભોગવવું પડે છે. એમાં દેવીદેવતાઓની વ્રતોપાસના જ કામ આવે છે. સાંજે સીતાજીએ કુટિરમાં શાંત બેસીને દેવી ભગવતીનું ધ્યાન ધર્યું. મનઅંતરમાં કહ્યું,



''મા ભગવતી! આ વનવાસી દિવસો સારી રીતે પસાર થવા દેજો.'' દેવીમા પ્રગટ થયા અને કહ્યું, ''સીતે! મેં તારી ઈચ્છા જાણી લીધી છે. તમે શબ્દથી બંધાયેલા છો પણ જો આ 14 વર્ષ તમારે સંકટોનો સામનો કરવાની શક્તિ જોઈતી હોય તો એક સરળ ઉપાય છે.'' સીતાજીએ કહ્યું ''મા નિવેદન કરો.'' મા ભગવતી બોલ્યા, ''સીતે! આવનારો મહિનો અષાઢ માસ ગુપ્ત નવરાત્રીનો વ્રતોપાસનાનો શુભ પવિત્ર મહિનો છે. અષાઢ સુદ પડવાથી અષાઢ સુદ નોમ સુધીનો સમય'ગુપ્ત નવરાત્રી' છે. એમાં કોઈને કહ્યા વગર ગુપ્તતાથી આ વ્રત કરવાનું છે. રોજ સવારે સ્નાન કરીને શુદ્ધ દૂધમાં ચોખાની ખીર બનાવીને મા ભગવતી માતાને ધરવી અને પ્રસાદી રૂપે પોતે તે ખીરનું પ્રાશન કરવું. આમ નવ દિવસ ખીર બનાવીને માને નૈવેદ્ય કરીને પ્રાશન કરી લેવી. તમારો 14 વર્ષનો વનવાસ સુખેથી પસાર થશે અને શ્રીરામ મહારાજ બનશે અને તું મહારાણી સીતા બનશે.'' નાસિક પાસેના વણી પર્વતમાં સપ્તશૃંગી દેવીનું સ્થાન છે ત્યાં સીતાજી શ્રીરામ, લક્ષ્મણ સાથે ગયાં અને ગુપ્ત નવરાત્ર વ્રત કરવાનો સંકલ્પ કર્યો. તેની જાણ કોઈને કરી નહીં અને નવરાત્રી દરમિયાન ખીર બનાવીને માતાજીને નૈવેદ્ય કરીને ખીર પ્રાશન કરતાં રહ્યાં અને સીતાજી મહારાણીપદે આરૂઢ થઈ ગયાં હતાં. સુરત ખાતે સલાબતપુરા રેશમવાડમાં ભગવતી સપ્તશૃંગી માતાનું ભવ્ય દિવ્ય મંદિર છે અને ત્યાંના મૈયા નર્મદાજીના કહેવાથી દર આષાઢ પાસે ગુપ્ત નવરાત્ર વ્રત સર્વ ભકતો માટે કરાય છે. નવેનવ દિવસ સવારે ખીરનો પ્રસાદ ભકતોને આપવામાં

> **સીતે! આવનારો મહિનો અષાઢ માસ ગુપ્ત નવરાત્રીનો વ્રતોપાસનાનો શુભ પવિત્ર મહિનો છે. અષાઢ સુદ પડવાથી અષાઢ સુદ નોમ સુધીનો સમય'ગુપ્ત નવરાત્રી' છે. એમાં કોઇને કહ્યા વગર ગુપ્તતાથી આ વ્રત કરવાનું છે**

આવે છે. જે દંપતીને સંતાન ન હોય તેમને આ ખીર પ્રસાદી લાભકારી થાય છે. વેપારધંધામાં વૃદ્ધિ માટે, સંસારમાં કંકાસ ઘટાડવા માટે, ગુપ્ત રોગ નષ્ટ થવા માટે, આયુષ્યવર્ધન માટે, સુખકારક નોકરી માટે, વિદ્યાભ્યાસમાં પ્રગતિ માટે, વડીલોના આશીર્વાદ માટે આ પ્રસાદી આરોગવાનું કળીકાળમાં ખૂબ જ લાભદાયી છે. ઘરે વ્રતોપાસના કરનારાએ ફકત દૂધ-ચોખાની ખીર જ બનાવી પ્રસાદ ધરવો અને સવારે પ્રાશન કરવો. સવાર-સાંજ ભોજન કરી શકાય છે પણ દિવસ દરમ્યાન મંદિરે જઈને ભગવતીના દર્શન કરવાનો નિયમ જરૂર કરવો. આ યુગમાં મનઃશાંતિ માટે, મનેચ્છાપૂર્ણ થવા માટે માણસ અનેક ઉપાય કરે છે તો આ ગુપ્ત નવરાત્રી વ્રત મા ભગવતીનું ભકતો માટે વરદાન સ્વરૂપ છે.

---

# ગોવિંદ સાથે ગોઠડી માંડજો

**પંચામૃત**
**નીલાક્ષી પરીખ**



આપણો અને સંસારનો સંબંધ તો નશ્વર છે ખરું ને? તેથી જ તો કહીએ છીએ ને કે 'સાચો સગો મારો શામળીયો.' આમ તો પ્રભુ સૌના અને સૌ પ્રભુના. પૂ. ગુરુદેવ કહે છે પ્રભુ સાથેના સંબંધમાં ખાનગી કશું જ નથી પણ અંગત ઘણું છે. મીરાંબાઈ અને કૃષ્ણનો સંબંધ ક્યાં ખાનગી છે? કહે છે ને કે 'અબ તો બાત ફૈલ ગઈ મેરે તો ગિરધર ગોપાલ દૂસરા ન કોઈ.' 'મુજ અબળાને મોટી મિરાત' કેવી અનન્યતા! નાનપણથી જ નાતો બાંધી બેઠેલી મીરાં પોતાનું સમસ્ત જીવન કૃષ્ણને ન્યૌછાવર કરી બેઠી! મીરાં અને કૃષ્ણનો નાતો અદ્દભૂત છે. આમ તો આખું જગત મીરાંના કૃષ્ણ પ્રેમને, એના દીવાનાપનને પિછાને છે પણ કૃષ્ણ સાથેનો એનો અંગત અને આત્મીય સંબંધ તો એનો જ ને? પૂછો, નરસૈંયાને કૃષ્ણ સાથે એમની હોટ લાઈન ચાલે. ઝીરો નંબર ઘુમાવે ને વૈકુંઠમાં રીંગ વાગે!ક્યારેક ગોવિંદને પોતાનો માની ગોઠડી કરી જોજો. સ્ટ્રેસના શિકાર નહીં બનવું પડે અને પછી તો સંતો કહે છે તેમ 'આઠે પ્હોર રેવે આનંદજી' આજના જમાનામાં કોઈને કોઈ માટે ફુરસદ નથી, ત્યારે પરમાત્માને પોતાના માની આપણા સુખ-દુઃખની વાત કરીશું ને એ ચોક્કસ આપણી વાત કાને ધરશે. કનૈયો આપણને આપણો ન લાગે તો કહેજો. દુન્યવી વહેવારમાં પણ એક જ દીકરો માતા-પિતા, ભાઈ-બહેન, પત્ની સાથે જોડાયેલો હોય છે ને? એનાં સંબંધ સૌ સાથેના પણ સૌ સાથેનો એ સંબંધ પોત-પોતાની રીતે હોય છે ખરું ને? જુઓ, મિથિલાની સ્ત્રીઓએ મનોમન ભગવાન રામના જે રૂપના દર્શન કર્યા એ રૂપે પ્રભુ એમને મળ્યા. 'અમિત રૂપ પ્રગટે તેહિ કાલા, જયા જોગ સબ મિલહિં કૃપાલા.' ભગવાનનું તો વચન છે કે મને જે વ્યક્તિ જે રીતે ભજે છે તેને તે રીતે હું ભજું છું. આજે ગુરુકૃપાએ મારે પ્રત્યુત્તર આપતા પ્રભુ' અને 'હોંકારો દેતા હરિ' ની વાત કરવી છે. ભગવદ્ ગીતામાં અર્જુનને જોઈએ તો જેમ-જેમ અર્જુનનું શિષ્યત્વ ગાઢ બન્યું, ભરોસો મજબૂત બન્યો અને શરણાગતિ દૃઢ બની તેમ તેમ કૃષ્ણ પણ અર્જુન સમક્ષ ખુલ્યા અને ખીલ્યા અને અંતે તો સ્પષ્ટ કહી દીધું કે- સર્વધર્માન્ પરિત્યજય મામેંક શરણં વ્રજ|' અર્જુનની જેમ શ્રીકૃષ્ણ આપણા જીવનના પળપળના સંઘર્ષમાં આપણી સાથે રહીને આપણું માર્ગદર્શન કરે છે. ભગવાન દ્વારા જેનું ગાન કરવામાં આવ્યું એ ગીતા. દુનિયામાં એવો દેવ બતાવો જે ગીત ગાતો હોય! હા, દેવને માટે આપણે ગાઈએ, પ્રાર્થના કરીએ પણ આ તો પોતે ગાતો હોય એવો દેવ અને એ ગીત પણ પાછું અમર, એ ગીત શાસ્ત્ર બને! 'એકમ શાસ્ત્રં દેવકી પુત્રમ્ ગીતામ્|' ગીત ગાતા ભગવાન, નાચતા ભગવાન! ભગવાન માટે મીરાં નાચે છે એમ નહીં, ભગવાન પણ નાચે છે! આપણે નાચીએ અને એને કંઈ જ અસર ન થાય એવા ભગવાનને શું કરવો છે? જવાબ તો મળવો જોઈએ ને? ના મળે તો મીરાંનાં નાચમાં ક્યાંક ખામી છે. બાકી તો દ્વારિકાનાથ નાચતા-નાચતા થાકીને ઢળી પડેલી મીરાંને થામવા હાથ ફેલાવે અને મીરાંને પોતાની અંદર સમાવી લે! આપણે ક્યાં અજાણ છીએ? એવું કહેવાય છે કે ત્રણ વ્યક્તિત્વો એવા છે જેનો અંત કોઈને ખબર નથી. એનું શરીર કઈ રીતે સમાપ્ત થયું એની કોઈને ખબર નથી. ચૈતન્ય મહાપ્રભુ, તુકારામ અને મીરાં. ચૈતન્ય મહાપ્રભુ, 'હરિબોલ, હરિબોલ' કરતાં ભગવાન જગન્નાથમાં ભળી ગયા. 'વિઠ્ઠલ વિઠ્ઠલ' કરતાં તુકારામ ભગવાન વિઠ્ઠલનાથમાં લીન થયા અને 'ગિરધર ગિરધર' કરી પ્રેમાશ્રુ વહાવતી નાચતી મીરાં દ્વારકાધીશના સ્વરૂપમાં ભળી ગઈ! જગન્નાથજી હાથ ઊંચા કીરને ઊભા છે, પાંડુરંગ હાથ કેડે મૂકીને ઊભા છે. ઉત્તરમાં બદરીનાથ છે એમના હાથ ખોળામાં છે. નાથદ્વારામાં શ્રીનાથના હાથ જુઓ. દરેક રૂપમાં હાથની ગોઠવણી અલગ છે. આ ભારતના પંચનાથ છે, ભગવાન વિષ્ણુના આ 5 સ્વરૂપ છે. જગન્નાથ, શ્રીનાથ, દ્વારકાનાથ અને બદરીનાથ. ભગવાન નારાયણ તપસ્યા કરે છે. વિશાલા ક્ષેત્રમાં એટલા માટે એમની તપોમય મુદ્રા છે, એમના બંને હાથ ખોળામાં છે. તપસ્યાની ગરમી એવી છે કે બદરીમાં આટલી ઠંડી હોવા છતાં ભગવાનના આખા શરીરે ચંદનનો લેપ થાય છે! તપનો તાપ એટલો બધો છે કે આટલી ઠંડીમાં પણ ભગવાનને ગરમી લાગે છે. એટલે ભક્તો આખા શરીરે ચંદનનો લેપ કરે છે. તપસ્યા કરતાં ભગવાન! કેટલી મોટી વાત છે! ભક્તો જ તપ કરે એમ નહીં ભગવાન પણ તપ કરે! કેમ? આરાધ્ય કરે તો આરાધકોને કરવાનું મન થાય. ઘરમાં મા-બાપ કરે તે જોઈને છોકરાઓ શીખે. માટે ભગવદ્ ગીતામાં ભગવાન કહે છે- જો હું એ પ્રમાણે વર્તુ તો મારા વર્તન પ્રમાણે તો બીજા બધા વર્તે છે. આપણા ચિંતક સ્વ. શ્રી હરિભાઈ કોઠારી કહેતાં કે, 'કાંડાની ઘડિયાળ ખોટો સમય બતાવે તો વધી-વધીને તમારી ટ્રેન જાય. તમે ફ્લાઈટ મીસ કરો. તમને નુકસાન થાય પણ શહેરનાં ટાવરની ઘડિયાળ ખોટો સમય બતાવે તો નગરના કેટલાં લોકોનું નુકસાન થાય! એમ સમાજની ટાવરીંગ પર્સનાલીટી હોય એ જ્યારે કંઈ ખોટું કરે આખા સમાજને એનું નુકસાન ભોગવવું પડે. ઘરમાં વડીલની, સંસ્થા હોય તો તેનો વડો, ગામનો મુખી, સરપંચ આ બધાની જવાબદારી વધી જાય. ભગવાન જગન્નાથ હાથ ઊંચા કરીને ઊભા છે જાણે ભેટવા માટે ઉત્સુક ન હોય! જાણે કહેતાં હોય 'કમ હીયર! આઈ વોન્ટ ટુ ગીવ યુ અ હગ' ભગવાન ભેટે! જીવ ભગવાનને મળવા ઉત્સુક હોય અને ભગવાનમાં એ ઉત્સુકતા ન દેખાય તો કેમ ચાલે? ઉલટાનું ભગવાન તો એમ કહે છે કે તું બે ડગલા મારા તરફ ચાલ. હું તારા તરફ દોટ મૂકીશ. સુદામાજી તેનું ઉદાહરણ છે. સુદામાજી દ્વારિકા તરફ પ્રયાણ કરી રહ્યા છે. બેભાન થઈને ઢળી પડે છે ત્યારે અંતર્યામી દ્વારકાનાથને ચિંતા થાય છે અને ગરૂડજીને આદેશ કરે છે કે સુદામાને લઈ આવો. આપણે પથ્થરની મૂર્તિને નથી પૂજતા આપણી શ્રદ્ધા એમાં રહેલાં હરિને પૂજે છે. પ્રભુએ સુદામાને

> **તપસ્યાની ગરમી એવી છે કે બદરીમાં આટલી ઠંડી હોવા છતાં ભગવાનના આખા શરીરે ચંદનનો લેપ થાય છે! તપનો તાપ એટલો બધો છે કે આટલી ઠંડીમાં પણ ભગવાનને ગરમી લાગે છે**

પોતાના આસન પર બેસાડી પોતે ચરણમાં બેસીને સુદામાના ચરણ ધોયા! કેવી પ્રભુની ઊંચાઈ! સુદામાએ કંઈ માંગ્યું નથી અને માંગવું પડે તો ભગવાન શાનો? બાળકની જરૂરિયાતની ફિકર મા ન કરે તો એ મા શાની? બાળકને બોલતાં પણ ન આવડતું હોય. એક જ ભાષા જાણે છે રૂદનની અને દરેક રૂદનનો ભાવ માને સમજાય છે. ઘોડિયાની બહાર આવવું છે, ભૂખ લાગી છે, સૂઈ જવું છે? મા બાળકના દરેક ભાવને સમજે તો ભગવાન ન સમજે? જો સુદામાએ માંગ્યું હોત તો સુદામાની ગરિમા ય ઘટી હોત અને કૃષ્ણની આબરુ પણ ઘટી હોત પણ આ જ તો મૈત્રીની ઊંચાઈ છે. શ્રી ભીખુદાન ગઢવી સરસ વાત કરે કે બે મિત્ર એક શહેરમાં રહે. બીજો ગામડામાં. ગામડાનો મિત્ર શહેરના મિત્રને દીકરીના લગ્નનું નોતરું આપવા આવ્યો. રડી પડ્યો કે પૈસાનો મેળ નથી થયો. જો 1 લાખ ઉધાર મળે તો, પેલાએ પત્નીને કહી રૂપિયા મંગાવ્યા ને આપ્યા. પેલો ગળગળો થયો કે તે મારી આબરૂ બચાવી. આમંત્રણ આપ્યું. ચોક્કસ આવજે. શહેરી દોસ્તે કહ્યું- બે દિવસ પહેલાં જ આવી જઈશ. દીકરી મારી પણ છે. મિત્રના ગયા પછી પેલો રડવા માંડ્યો. પત્ની કહે રૂપિયા આપી હવે રડો છો? પેલો કહે- હું રૂપિયાને નથી રડતો પણ મારા મિત્રની સ્થિતિ આટલી ખરાબ થઈ ગઈ અને મને ખબર પણ ન પડી, એને માંગવા માટે સંકોચ થાય. લાનત છે મારી મૈત્રી પર!

( પૂ. રમેશભાઈ ઓઝા (પૂ.ભાઈશ્રી)ના સત્સંગને આધારે)